# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

Accredited by NAAC with "B" Grade (CGPA 2.21)

**પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪ ૨૬૫**


પરિપત્ર નં.-૨૦૮/૨૦૨૪

વિષય: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અંગેની માર્ગદર્શિકા.

આથી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શૈ.વર્ષ:૨૦૨૩-૨૪થી ક્રમશઃ અમલમાં મુકેલ છે, જેથી આપ સુવિદિત છો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના મેજર/માઈનોરના નીતિ નિયમો, મલ્ટીપલ એન્ટ્રી એક્ઝિટના નીતિ નિયમો, OJT, ઇન્ટર્નશિપ, બ્રીજ કોર્સ, સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમાં, ડિપ્લોમાં ડીગ્રી, ઓનર્સ ડિગ્રી, (રિસર્ચ સાથે અને રિસર્ચ વિના) અંગેની માર્ગદર્શિકા સામેલ પરિશિષ્ટ મુજબ માન.કુલપતિશ્રીએ આ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ અને સક્ષમ સત્તામંડળોવતી સ્વીકારી અમલમાં મુકવા આદેશ કરેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

માન.કુલપતિશ્રીની ફાઈલ પર મળેલ મંજુરી અનુસાર,

(ડૉ.આર.એન.દેસાઈ)
કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

નં.એકે/અXસ/૩૩૨૬/૨૦૨૪
તા.૨૪/૦૯/૨૦૨૪

**નકલ રવાના:-**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી,પાટણ.
(૨) ડીનશ્રી,(વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, રૂરલ સ્ટડીઝ, મેનેજમેન્ટ સ્ટડીઝ અને હોમ સાયન્સ વિદ્યાશાખા)
(૩) કો-ઓર્ડીનેટરશ્રી, રા.શિ.નીતિ-૨૦૨૦, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી,પાટણ
(૪) પરીક્ષા નિયામકશ્રી, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી.પાટણ.
(૪) સીસ્ટમ એનાલીસ્ટશ્રી, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી,પાટણ.(વેબસાઈટ પર મુકવા સારૂં)
(૫) મહેકમ શાખા, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી.પાટણ.(પરિપત્ર ફાઈલ અર્થે)
(૬) સિલેક્ટ ફાઈલે.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'B' (2.21) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.-૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫
ફોન : (૦૨૭૬૬) ૨૨૦૯૩૨, ૨૩૭૦૦૦ ફેકસ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭
Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે રાજય સરકારશ્રી દ્વારા પ્રકાશિત કરેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.) મુજબ મેજર/માઇનોરના નીતિ-નિયમો, મલ્ટીપલ એન્ટ્રી/એક્ઝિટના નીતિ-નિયમો, OJT, ઇન્ટર્નશીપ, બ્રિજકોર્સ, સર્ટીફીકેટ કોર્સ, ડીપ્લોમાં-ડીગ્રી, ઓનર્સ ડીગ્રી (રીસર્ચ સાથે અને રીસર્ચ વિના) વિગેરેના નીતિ-નિયમોની માર્ગદર્શિકા/S.O.P.

## (૧) મેજર/માઇનોરના નીતિ-નિયમો:

૧.૧ સેમેસ્ટર-૨ માં મેજર માઇનોર પરસ્પર બદલી શકાય નહીં, પરંતુ સેમેસ્ટર-૨ બાદ એટલે કે પ્રથમ વર્ષના અંતે જ આ ફેરબદલી કરી શકાય.

૧.૨ સરકારશ્રીના શિક્ષણ વિભાગની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર(S.O.P.)ના ૩.૩.૧ મુજબ જો કોઈ વિદ્યાર્થી એ મેજર વિષય બદલવો હોય તો તે પ્રથમ વર્ષના અંતે સેમેસ્ટર-૨ બાદ બદલી શકશે. જેમાં માઇનોર વિષયમાંથી મેજર અને મેજરમાંથી માઇનોર થઈ શકશે.

દા.ત .કોઈ વિદ્યાર્થી શરૂઆતમાં સેમેસ્ટર-૦૧માં મેજર વિષય તરીકે કેમેસ્ટ્રી રાખે છે અને માઇનોર તરીકે ફિઝિક્સ રાખેલ છે તો માત્ર પ્રથમ બે સેમેસ્ટર બાદ એટલે કે પ્રથમ વર્ષના અંતે જ મેજરમાંથી માઇનોર અને માઇનરમાંથી મેજર ફેરબદલી કરી શકશે એટલે કે એક વર્ષના અંતે ફિઝિક્સને મેજર તરીકે અને કેમેસ્ટ્રીને માઈનોર તરીકે ફેરબદલી કરી શકશે.

આ સંજોગોમાં પ્રથમ બે સેમેસ્ટરની મેજર વિષય અને માઈનોર વિષયની અરસપરસ બાકી રહેલી ક્રેડિટ પ્રાપ્ત કરવી પડશે તે માટે તે વિદ્યાર્થીએ પ્રથમ બે સેમેસ્ટરના છૂટી ગયા હોય તેવા થિયરી અને પ્રાયોગિકના વર્ગો કે વધારાના વર્ગોમાં હાજરી આપીને બાકી રહેલી ક્રેડિટ મેળવવી પડશે .આ માટે યુનિવર્સિટીએ આવા વિદ્યાર્થીઓ માટે અલગ પરીક્ષા વ્યવસ્થાનું આયોજન કરવું પડશે.

૧.૩ મેજર વિષય તથા માઇનોર વિષયની અરસપરસ ફેરબદલી થાય તો તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા રેગ્યુલર તરીકે લેવી તે માટે વધારાની જરૂરી પરીક્ષા ફી યુનિવર્સિટીએ લેવી.

૧.૪ વિદ્યાશાખા બદલીને પણ મેજર વિષયની ફેરબદલી કરી શકશે. ઉદાહરણ તરીકે શરૂઆતમાં બીએસસી ફિઝિક્સ મેજર રાખનાર વિદ્યાર્થી પોતાના પસંદ કરેલા વિષયને બી.એ. હિન્દી વિષય તરીકે બદલવા ઇચ્છે તો પ્રવેશ યોગ્યતાના માપદંડ, ઉપલબ્ધ બેઠકો, વિદ્યાર્થીની ક્ષમતાનું મૂલ્યાંકન અને જરૂરી વધારાના વિષયોના અભ્યાસક્રમોના બ્રિજ કોર્સની સગવડતા આપીને યુનિવર્સિટીની નિયત સમય મર્યાદામાં મંજૂરી મેળવવાની રહેશે. આ પ્રમાણે વિદ્યાર્થી એક ફેકલ્ટીમાંથી બીજી ફેકલ્ટીમાં વિષય ફેરબદલી કરી શકશે. આ માટે જે તે વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝ (B.O.S.) એ ૨ ક્રેડીટનો બ્રિજકોર્સ બનાવવાનો રહેશે. વિદ્યાર્થીએ બીજા સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષા પુર્ણ થયેથી દસ દિવસમાં યુનિવર્સિટીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. યુનિવર્સિટીએ આ બ્રિજકોર્સની પરીક્ષા ૧૫ જૂન સુધીમાં લઇ દસ દિવસમાં પરીણામ જાહેર કરવાનું રહેશે. આ પરીક્ષા ૫૦ માર્કસ (૨ ક્રેડીટ)ની

Hemchandracharya North Gujarat University * Patan *

રહેશે. પરીક્ષાનું માળખું જે તે વિષયનું બોર્ડ ઓફ સ્ટડીઝ (B.O.S.) નકકી કરશે. આ કિસ્સામાં પણ ૧.૨ મુજબ પ્રથમ બે સેમેસ્ટરની બાકી રહેલ મેજર-માઇનોરની ક્રેડીટ મેળવવી આવશ્યક રહેશે.

*આ બ્રિજકોર્સ જે તે વિદ્યાર્થીઓએ પોતાની રીતે તૈયાર કરી પરીક્ષા આપવાની રહેશે.*

ઉપરોક્ત તમામ કિસ્સાઓમાં આ ફેરબદલી વખતે મેજરની ખૂટતી ક્રેડિટ પૂર્ણ કરવાની રહેશે એટલે કે ત્રણ વર્ષ કે ચાર વર્ષની સ્નાતકની ડિગ્રી માટેના મેજર મુખ્ય વિષયની ડીગ્રી પ્રાપ્ત કરવા માટે કુલ ક્રેડિટની ઓછામાં ઓછી ૫૦ % (૬૮-ક્રેડિટ અથવા ૯૨-ક્રેડિટ) અને ઇન્ટર્નશિપ ૦૪-ક્રેડિટ પ્રાપ્ત કરવાની રહેશે.

૧.૫ આ ફેરબદલી માટે જે તે કોલેજ પાસે મેજર વિષય અને માઈનોર વિષયનું જોડાણ હોય તે ખાસ જરૂરી છે. આવા વિદ્યાર્થીઓને પ્રથમ બે વર્ષ (ચાર સેમેસ્ટર) સુધી મેજર વિષય ઓફર કરી શકશે અને ત્રીજા વર્ષથી જે કોલેજમાં મેજર વિષયનું જોડાણ હોય તે કોલેજમાં N.O.C. લઈને જઈ શકશે.

એક વર્ષના અંતે ૪૪ ક્રેડીટ અને સમર ઇન્ટર્નશીપની વધારાની ૪ ક્રેડીટ મેળવનાર વિદ્યાર્થી જો એકઝીટ કરે તો તેને યુ.જી. સર્ટીફીકેટ એનાયત થશે, અન્યથા તે મેજર અને માઇનોર કોર્સ સાથે પછીના વર્ષમાં ડીગ્રી ચાલુ રાખી શકશે.

૧.૬ જો કોઇ વિદ્યાર્થી ૪૪ ક્રેડીટ મેળવી કોલેજ છોડી દે છે, તો તેને જે તે મેજર વિષયનું સ્નાતક સર્ટીફીકેટ મળશે. ત્રણ વર્ષ પછી નવેસરથી અભ્યાસ ચાલુ રાખવા તે વિદ્યાર્થી કોઇપણ કોલેજમાં અભ્યાસ અર્થે જોડાવા માટે પ્રથમ વર્ષના સ્નાતક સર્ટીફીકેટના આધારે અને સંલગ્ન યુનિવર્સિટીના પ્રવર્તમાન લાયકાતના માપદંડના આધારે ફરીથી અભ્યાસ ચાલુ કરી શકશે.

આ જ પ્રક્રીયાને આધિન સેમેસ્ટર-૪ બાદ ૮૮ ક્રેડીટ મેળવનાર વિદ્યાર્થી સ્નાતક (U.G.) ડીપ્લોમા થકી બ્રેક લઇને સેમેસ્ટર-૫માં પ્રવેશ લઇ શકશે.

૧.૭ કોલેજ અને યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ પ્રવેશ માટેની લાયકાત, માન્ય ઉપલબ્ધ બેઠકો અને પ્રવેશના પ્રવર્તમાન નિયમોને આધારે જ વિદ્યાર્થી એ જ કોલેજ અથવા અન્ય કોલેજમાં કે અન્ય યુનિવર્સિટીમાં પુનઃ પ્રવેશ કે પાછળથી પ્રવેશ મેળવી શકશે.

આ તમામ કિસ્સાઓમાં યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી ફરજીયાત રહેશે.

૧.૮ ડબલ મેજર વિષય સંદર્ભે હાલમાં આ યુનિવર્સિટીમાં ડબલ મેજર વિષય આપવાની જોગવાઈ કરેલ નથી..

૧.૯ સેમેસ્ટર-૨ અને ૪ સફળતા પૂર્વક પૂર્ણ કર્યા પછી અભ્યાસ છોડવા (Exit કરવા માગતા) વિદ્યાર્થીઓને અનુક્રમે સર્ટીફીકેટ અને ડીપ્લોમા એનાયત થશે. આવા વિદ્યાર્થીઓ સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપ ફરજીયાત કરવાની રહેશે. આ પ્રકારની સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપ એવી સંસ્થામાં કરી શકશે કે જ્યાં કોલેજે MOU/LOI(Letter of Intent) કર્યા હશે. શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્યની S.O.P. અનુરૂપ પેજ નં. ૭૧ થી ૭૪ (૩.૪.૧. થી ૩.૪.૮)ધ્યાને લેવાનું રહેશે. (આ માટે S.O.P. ૧૧.૩, ૧૧.૪ અને ૧૧.૫માં દર્શાવેલ નમૂના ધ્યાનમાં લેવા.)

Hemchandracharya North Gujarat University * Patan *

Exit લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નિયત નમૂનામાં કોલેજના આચાર્ય મારફતે યુનિવર્સિટીને ફરજીયાત અરજી કરવાની રહેશે.

૧.૧૦ સમર ઇન્ટર્નશીપ /એપ્રેન્ટીશીપના અંતે તેણે કરેલ કાર્ય અંગેનો લેખિત રિપોર્ટ કોલેજમાં જમા કરવાનો રહેશે .આ માટેની પરીક્ષા ૧૦૦ માર્કસની રહેશે. જેનું વર્ગીકરણ નીચે મુજબનું રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રેઝન્ટેશન | ૩૦ માર્ક્સ |
| ૨ | રિપોર્ટ | ૩૦ માર્ક્સ |
| ૩ | વાયવા | ૪૦ માર્ક્સ |
| કુલ માર્કસ | | ૧૦૦ માર્કસ |

૧.૧૧ ઇન્ટર્નશિપ પરીક્ષા જે-તે કોલેજના પ્રિન્સિપાલશ્રી/યુનિવર્સિટી વિભાગના અધ્યક્ષશ્રીએ યુનિવર્સિટી પરીક્ષા વિભાગ પાસે પરીક્ષકની નિમણૂક કરાવી આ પરીક્ષક દ્વારા લેવાની રહેશે.

૧.૧૨ કોલેજ કે યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના સ્થાનિક સ્તરે નિયુકત નોડલ ઓફિસરે કોલેજના આચાર્ય/યુનિવર્સિટી વિભાગના અધ્યક્ષ મારફતે આ પરીક્ષા (મલ્ટીપલ એન્ટ્રી/એક્ઝિટ)નું પરિણામ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ૧૫ જૂન સુધીમાં મોકલી આપવાનું રહેશે.

## (૨) દ્વિતીય અને તૃતીય વર્ષના પ્રવેશના નિયમોઃ

૨.૧ જે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષના અંતે સર્ટીફીકેટ અને દ્વિતીય વર્ષના અંતે ડિપ્લોમા મેળવેલ હોય તેઓએ કોલેજ છોડ્યાની ત્રણ વર્ષની અંદર કોલેજમાં પ્રવેશ મેળવવાનો રહેશે અને તેઓએ ડિગ્રી પ્રોગ્રામ વધુમાં વધુ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ શૈક્ષણિક સત્રથી ૦૭ વર્ષની અંદર પૂરો કરવાનો રહેશે.

૨.૨ પોતાની યુનિવર્સિટીમાં એક જ કોલેજમાંથી બીજી કોલેજમાં પ્રથમ વર્ષના અંતે પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એ સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપની ૦૪ ક્રેડિટ મેળવવાની રહેશે નહીં પરંતુ બીજા વર્ષમાં એડમિશન લેતી વખતે પ્રથમ વર્ષના કુલ ૩૨ ક્રેડિટ ના (૭૦%) વિષયો સરખા હોવા જોઈએ.

૨.૩ પોતાની યુનિવર્સિટીમાં એક જ કોલેજમાંથી બીજી કોલેજમાં દ્વિતીય વર્ષના અંતે પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ સમર ઇન્ટર્નશીપ/એપ્રેન્ટીશીપની ૦૪ ક્રેડિટ મેળવવાની રહેશે નહીં પરંતુ ત્રીજા વર્ષમાં એડમિશન લેતી વખતે દ્વિતીય વર્ષના કુલ ૬૪ ક્રેડિટ ના (૭૦%) વિષયો સરખા હોવા જોઈએ.

૨.૪ એડમિશન વખતે જે તે કોલેજની પ્રવેશ જરૂરિયાત, સીટ (બેઠક)ની ઉપલબ્ધતા, માન્ય બેઠકોની મર્યાદા અને પ્રવેશના નિયમો તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાની ફી નિયમનના નિયમોને આધીન પ્રવેશ મળશે.

૨.૫ જે વિદ્યાર્થી અન્ય યુનિવર્સિટીમાંથી આવતો હોય અને તેનું શિક્ષણ કોઇપણ જાતના બ્રેક વગર સળંગ હોય અને પરિણામ પાસ હોય તેણે ઉપરોકત નિયમ-૨.૧ થી ૨.૪ પ્રમાણેના

Hemchandracharya North Gujarat University * Patan *

પ્રવેશના નિયમો લાગુ પડશે. આ સાથે કુલ ક્રેડીટ દ્વિતિય અને તૃતીય વર્ષ માટે ૩૨ ક્રેડીટ/૬૪ ક્રેડીટ અથવા ૭૦% સરખા હોય તેને જ પ્રવેશપાત્ર ગણાશે.

૨.૬ એડમિશન વખતે વિદ્યાર્થીના બીજી કોલેજમાં પ્રવેશની યોગ્યતા ચકાસવા માટે ઇકવિવેલેન્સ સમિતિમાં ત્રણ મેમ્બરની કમિટી કોલેજ કક્ષાએ પ્રિન્સિપાલના અધ્યક્ષ સ્થાને બનાવવાની રહેશે. જે એડમિશન મેળવવા માગતા વિદ્યાર્થીઓની ઉપરોક્ત દર્શાવેલ ૭૦% વિષયોની ઇકવિવેલેન્સી ચકાસી યુનિવર્સિટી ઇકવિવેલેન્સ કમિટીને તારીખ 30 જુલાઈ પહેલા મોકલી આપવાની રહેશે. યુનિવર્સિટી ઇકવિવેલેન્સ કમિટીએ કોલેજ દ્વારા મોકલવામાં આવેલ આવા કેસનો નિકાલ દિન-૦૭માં કરી આપવાનો રહેશે. યુનિવર્સિટીની ઇકવિવેલેન્સ કમિટીમાં અભ્યાસ સમિતિના ચેરમેન, ફેકલ્ટી ડીનશ્રી ઉપરાંત કુલપતિશ્રી દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાત રહેશે. આ કમિટી બનાવવાની સંપૂર્ણ સત્તા કુલપતિશ્રીને રહેશે.

૨.૭ દ્વિતીય, તૃતીય અને ચતુર્થ વર્ષના પ્રવેશના બીજા નિયમો સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર (S.O.P.) પાના નંબર ૧૦૮ અને ૧૦૯ (S.O.P. ૫.3 મુજબ) મુજબના રહેશે.

૨.૮ સંબંધિત અભ્યાસક્રમમાં ૧૩૨ ક્રેડીટસ પ્રાપ્ત કર્યા પછી ત્રણ વર્ષના અભ્યાસક્રમની જે તે મેજર વિષયની UG બેચલર્સ (સ્નાતક) ડીગ્રી આપવામાં આવશે.

## (3) ચતુર્થ વર્ષના પ્રવેશના નિયમોઃ

3.૧ ચાર વર્ષના સ્નાતક અભ્યાસક્રમમાં ચતુર્થ વર્ષમાં (સેમેસ્ટર-૦૭ અને ૦૮) પ્રવેશ માટે વિદ્યાર્થીઓને બે વિકલ્પ આપવામાં આવશે.

(a) U.G. ઓનર્સ ડિગ્રી (રીસર્ચ વિના) અને (b) U.G. ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)

### (a) U.G. ઓનર્સ ડિગ્રી (રીસર્ચ વિના)

3.૨ સેમેસ્ટર – ૦૬ પાસ કરેલ વિદ્યાર્થી કે જેણે મેજર કોર્સમાં ૬૪ ક્રેડીટ અને કુલ ૧૩૨ ક્રેડીટ મેળવેલ હશે તેવા U.G. ડિગ્રી ધરાવતા વિદ્યાર્થી ચતુર્થ વર્ષમાં સેમેસ્ટર-૦૭માં (U.G. ઓનર્સ ડિગ્રી - રીસર્ચ વિના) પ્રવેશ મેળવી શકશે. આ માટે જે તે કોલેજ તથા યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રવેશ આપી શકશે. U.G. ઓનર્સ ડિગ્રી (રીસર્ચ વિના) માટે ચતુર્થ વર્ષમાં મલ્ટીપલ એન્ટ્રી/એકઝીટના વિકલ્પો સાથે કે.સી.જી.એ નિયત કરેલ મેજર, માઇનોર અને OJT વિષય પસંદગી કરી પ્રવેશ મેળવી શકશે.

3.3 U.G. ઓનર્સ ડિગ્રી (રીસર્ચ વિના)ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ સેમેસ્ટર-૦૭ અને ૦૮માં ૬-૬ ક્રેડીટની OJT (ON JOB TRAINING) કરવાની રહેશે. ઉપરાંત આ બંને સેમેસ્ટરમાં ૧૨-૧૨ ક્રેડીટના મેજર કોર્સ અને ૪-૪ ક્રેડીટના માઇનોર કોર્સ ભણવાના રહેશે.

3.૪ આ બંને સેમેસ્ટરમાં વિદ્યાર્થી ઇચ્છે તો OJT (ON JOB TRAINING) ના બદલામાં વધારાના મેજરકે માઇનોરના કોર્સ ભણી શકશે. તે અન્વયે સેમેસ્ટર-૦૭માં વધારાનો ૪ ક્રેડીટનો ૧ મેજર કોર્સ અને ૪ ક્રેડીટનો ૧ માઇનોર કોર્સ તેમજ સેમેસ્ટર-૦૮માં વધારાનો ૪ ક્રેડીટનો ૧ મેજર કોર્સ એમ કુલ ૩ કોર્સ (બંને સેમેસ્ટરના) OJT (ON JOB TRAINING) ના બદલામાં લઇ શકશે.

Hemchandracharya North Gujarat University Patan

૩.૫ ચતુર્થ વર્ષમાં મેજરમાં ૮૮ ક્રેડીટ અને કુલ ૧૭૬ ક્રેડીટ મેળવી ઉત્તીર્ણ વિદ્યાર્થીને UG ઓનર્સ ડિગ્રી એનાયત થશે.

(b) U.G. ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)

૩.૬ ચતુર્થ વર્ષમાં UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)માં પ્રવેશ આપવા માટે જે તે કોલેજમાં રીસર્ચ (સંશોધન)ની ભૌતિક અને શૈક્ષણિક ઇન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા ફરજીયાત હોવી જરૂરી છે.

૩.૭ UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)માં પ્રવેશ માટે વિદ્યાર્થીએ સેમેસ્ટર-૦૧ થી ૦૬ના ન્યુનત્તમ કુલ ૭૫ % ગુણ કે તેથી વધુ ગુણ ફરજીયાત મેળવેલા હોવા જોઇશે.

૩.૮ ચતુર્થ વર્ષમાં UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ મેજર વિષયને સંબંધિત રીસર્ચ પ્રોજેકટ (R.P.) કરવાનો રહેશે. બંને સેમેસ્ટર (૦૭ અને ૦૮)માં રીસર્ચ માટે વિશિષ્ટ અને યોગ્ય રીતે સંશોધનનો વિષય પસંદ કરવાનો રહેશે.

૩.૯ ચતુર્થ વર્ષમાં UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)માં પ્રવેશ આપનાર કોલેજમાં જે તે વિષયમાં રીસર્ચ ગાઇડશીપ ધરાવતા અધ્યાપકો હોવા ફરજીયાત જરૂરી છે. આવી કોલેજો જ UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે.

૩.૧૦ ચતુર્થ વર્ષમાં UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે) કોર્સ શરૂ કરવા તથા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે જે તે કોલેજ યુનિવર્સિટી પાસેથી જરૂરી લેખિત મંજૂરી લેવાની રહેશે. આ મંજૂરી બાદ જ જે તે કોલેજ UG ઓનર્સ ડિગ્રી (સેમેસ્ટર-૦૭ અને ૦૮) (રીસર્ચ સાથે) માં પ્રવેશ આપી શકશે. પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનો સમગ્ર ડેટા યુનિવર્સિટીને મોકલવાનો રહેશે.

૩.૧૧ આ માટે જે તે કોલેજમાં સંશોધન માટેની જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધા, શૈક્ષણિક સંસાધનો તથા સંશોધન માટેની વિશેષ જરૂરીયાતો ધ્યાને લઇ આ માપદંડોની યુનિવર્સિટી દ્વારા નિમાયેલ સમિતિએ ચકાસણી કરીને માપદંડો પૂર્ણ થયેથી યુનિવર્સિટીએ મંજૂરી આપશે.

૩.૧૨ ચતુર્થ વર્ષમાં UG ઓનર્સ ડિગ્રી (રીસર્ચ સાથે)માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીએ પ્રોજેકટ કાર્યના સંશોધનના પરીણામો પીઆર રીવ્યુડ જર્નલમાં પ્રકાશિત કરે અથવા પરીષદો / સેમિનારમાં રજૂ કરે તે ઇચ્છનીય છે.

૩.૧૩ સેમેસ્ટર-૦૭ અને ૦૮માં શિક્ષણ વિભાગની S.O.P. મુજબ રીસર્ચ પ્રોજેકટ કરવાનો રહેશે.

૩.૧૪ સેમેસ્ટર-૦૭માં સંશોધન માટે વિદ્યાર્થીએ વિષય પસંદગી અને સંશોધન પધ્ધતિ માટે અદ્યતન સ્તર પર ડીસીપ્લીન/ઇન્ટરડીસીપ્લીન કોર્સ ધ્યાને લેવાના રહેશે. પ્રારંભિક તબક્કામાં માહિતિ, ગુણાત્મક (કવોલિટેટીવ) અને જથ્થાત્મક (કવોન્ટીટેટીવ) ડેટા એકત્રિત કરવાની પધ્ધતિઓ, માહિતિનો સંગ્રહ અને ડેટાનું વિશ્લેષણ હાથધરવાનું રહેશે.

૩.૧૫ સેમેસ્ટર-૦૮માં વિદ્યાર્થીએ સેમિનાર આપવા, પ્રેજન્ટેશન, પ્રોજેકટ વર્ક રીપોર્ટ તૈયાર કરવો અને આ રીપોર્ટનું યોગ્ય રીતે અહેવાલ લેખન કરી રજૂ કરવાનો રહેશે અને પરીક્ષા વખતે પરીક્ષકશ્રીને બતાવવાનો રહેશે.

Hemchandracharya North Gujarat University * Patan *

૩.૧૬ આ પ્રોજેકટ વર્ક રીપોર્ટ/ડેઝર્ટેશન મેજર વિષય અથવા ઇન્ટરડીસીપ્લીનરી વિષય પર કરવાનો રહેશે.

## (૪) S.O.P. ના ચેપ્ટર-૦૭ના સુધારા અંગે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ હેઠળના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝરના ચેપ્ટર .ના સુધારાના અમલ કરવો૦૭-દરેક સેમેસ્ટરમાં પાસીંગ માર્ક્સ નીચે મુજબ રહેશે .

| Maximum Marks | Minimum Passing Marks |
|---|---|
| 25 | 9 |
| 50 | 18 |
| 100 | 36 |

Hemchandracharya North Gujarat University * Patan *

Registrar
Hemchandracharya
North Gujarat University
PATAN

18 SEP 2024

E:\UG-NEP-2020-SOP-13-09-2024-2.DOCX